**ક્રિમી. પ.અ. નં.૭૪૦/૨૦૧૩**

**આંક – ૧ લગત હુકમ :–**

સદર કામે કેસનુ રેકર્ડ ધ્યાને લીધુ અને હાલના કેસની હકીકતને ધ્યાને લેતા ફરીયાદી ધ્વારા આરોપીઓ વિરુધ્ધ આઈ.પી.સી કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૮, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) વીગેરે મુજબના ગુનાની ફરીયાદ તા.૧૬–૦૭–૨૦૧૩ ના રોજ દાખલ કરતા મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ ફરીયાદીનું નિવેદન નોંધી સંબંધિત પો.સ્ટે.તરફથી રીપોર્ટ મંગાવાનો હુકમ કરેલ અને તા.૧૨–૦૨–૨૦૧૪ ના રોજ રીપોર્ટ રજુ કરેલ છે પરંતુ ત્યારબાદ ફરીયાદી કે તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી અને રેકર્ડ વંચાણે લેવામાં આવે તો ત્યારબાદ સુનાવણી માટે કેસ પેન્ડીગ રહેલ. પરંતુ ત્યારબાદ આજદીન સુધી ફરીયાદી કે તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી અને ફરીયાદીની ગેરહાજરીના કારણે જ કાર્યવાહી આગળ વધી શકેલ નથી. અને આ અદાલત દ્રારા તા.૧૩–૦૭–૨૦૧૮ ના રોજ ફરીયાદી વિરૂધ્ધ પ્રોસેસ કાઢતાં તે ફરીયાદી પોતાના તેમાં જણાવેલ સરનામે રહેતા ન હોવાના શેરા સહ પરત આવેલ. આમ, હાલના કેસમા ફરીયાદી હાજર રહેતા ન હોય, તેમજ તેમના તરફે કરવા પાત્ર જરૂરી કાનુની કાર્યવાહી તેઓ કરતા ન હોય, તેમજ હાલનો કેસ જુનો હોય, નામ. ગુજરાત હાઈકોર્ટ અને સર્વોચ્ચ અદાલતની ગાઈડલાઈન્સ મુજબ જુના કેસો તથા ઈનકફચ્યુઅસ અને ડેડવુડ કેસોની સત્વરે ન્યાયીક કાર્યવાહી પુર્ણ કરવાની સુચના આપવામા આવેલ હોવાછતા ફરીયાદી ધ્વારા તેમના તરફેની જરૂરી કાર્યવાહી કરવામા આવતી ન હોઈ ફરીયાદીની ગેરહાજરીના કારણસર હાલનો કેસ વિલંબમાં પડેલ છે. આમ હાલનો કેસ ફરીયાદીની ગેરહાજરી અને ફરીયાદી તરફેના પુરાવાના અભાવે બિન જરૂરી રીતે પેન્ડીગ રહેલ છે અને વધુ સમય પેન્ડીગ રાખવાથી પણ કોઈ હેતુ સરે તેમ નથી. જેથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે. ઈ

–:: **હુ ક મ** ::–

હાલની અરજી ફરીયાદીની ગેરહાજરી અને આગળની કાર્યવાહીના અભાવે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૮ મી માહે ડિસેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી જાહેર કર્યો.

સુરત.
તા.૮–૧૨–૨૦૧૮.

( ડી.એલ.ઠાકોર)
દશમાં એડી. સીની. સીવીલ જજ અને
એડી. ચીફ જયુ.મેજી., સુરત.
(કોડ નંબરઃ જી.જે.૦૦૮૯૩)